**IMPORTANT NOTICE – TERMS & CONDITIONS OF SALE AND USE:** By opening and using these seeds, you agree to the following terms. If you do not accept, return the unopened package with proof of purchase for a full refund. This product is licensed for planting only in approved regions. The resulting crop may only be used for food, feed, or processing. **RISK OF NON-PERFORMANCE:** Seed performance may be affected by factors beyond ARINO SEEDS PVT.LTD.control (e.g., weather, pests, diseases, soil, planting practices). The buyer assumes all such risks. **LIMITATION OF WARRANTIES & LIABILITY:** ARINO warrants only that the seed matches the label description within legal tolerances. No other warranties (express or implied) are given. ARINO is not liable for incidental or consequential damages. Remedies are limited to seed replacement or refund, at ARINO's discretion. Claims must be reported within 30 days of discovery or before harvest, whichever is earlier, and submitted directly to ARINO. Terms may only be changed in writing by ARINO's authorized representative.

**PRODUCED BY: ARINO SEEDS PVT. LTD.,**
SURVEY NO-456/3,OPP.KISHAN CATTEL FEED,GUNDALA ROAD GONDAL-360311 GST No.24AAHCA166H2ZR Phone: +91-88588 81981.Website:https://www.arinoseeds.com/home

# જીરું ની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિની માર્ગદર્શિકા

### (૧) વાવણી સમય, બિયારણનો દર અને વાવણીનું અંતર :

| અ.નં. | વાવણી સમય | જાત | બિયારણનો દર | વાવણીનું અંતર |
|---|---|---|---|---|
| | સમયસર ની વાવણી | | | |
| ૧ | ૧. (૧ થી ૧૫ નવેમ્બર) | ગુજરાત જીરું-૪, અરીનો-૭, | ૨.૫ -૩ કિલો પ્રતિ વીઘા. | ૧) હળવી રેતાળ જમીન બે ચાસ વચ્ચે ૩૦ સે.મી. (૧૨ ઇંચ) ના અંતરે વાવણી કરવી.<br>૨) ભારે કાળી જમીનમાં બે ચાસ વચ્ચે ૪૫ સે.મી. (૧૮ ઇંચ) ના અંતરે વાવણી કરવી.<br>વાવણી સમયે સુકરા પ્રતિકારક જાતોનું વાવેતર કરવું. |

**નોંધ : જીરું ના સારા ઉગાવા માટે ઠંડુ અને સૂકુ હવામાન જરूરી છે.મહતમ તાપમાન ૩૦ સે.ગ્રે. થી વધુ ન હોય ત્યારે જ વાવેતર કરવું.**

### (૨) બીજની માવજત :

| અ.નં. | બીજની માવજત | જથ્થો | આપવાનો સમય |
|---|---|---|---|
| | રાસાયણિક / જૈવિક નિયંત્રણ | | |
| ૧ | ફૂગજન્ય રોગ માટે મેટાલેક્ષિલ + થાયરમ ૩-૪ ગ્રામ પ્રતિ કિલો | ૧ કિલો | ૩ થી ૪ ગ્રામ/કિલો મુજબ પટ આપી બિયારણ ને આખી રાત સૂકવી ઉપયોગ કરવો. |
| | **નોંધ-વાવણી પહેલા બીજને ૮ કલાક પાણીમાં પલાળી કોરું કરી વાવેતર કરવાથી સારો અને જડપી ઉગાવો થાય છે.** | | |

### (૩) સેન્દ્રિય / રાસાયણિક ખાતર નો જથ્થો અને આપવાનો સમય :

| અ.નં. | સેન્દ્રિય / રાસાયણિક ખાતર | જથ્થો (કિ.ગ્રા./વીઘા.) | આપવાનો સમય |
|---|---|---|---|
| ૧ | છાણિયું ખાતર | ૧૦ ટન/હે | પ્રથમ ખેડ વખતે |
| ૨ | ડીએપી (ના:ફો:પો) | ૧૦ કિલો | (ના:ફો:પો) (૧૮:૪૬:૦૦) પાયામાં આપવું. |
| ૩ | યૂરીયા (ના:ફો:પો) | ૫ કિલો | (ના:ફો:પો) (૪૬:૦૦:૦૦) પાયામાં આપવું. |
| ૪ | પોટાશ (એમ.ઓ.પી.) | ૫ કિલો | મ્યૂરેટ ઓફ પોટાશ ૬૦% પાયામાં આપવું. |
| ૫ | સલ્ફર ફાડા | ૨ કિલો | સલ્ફર ફાડા ૯૦% પાયામાં આપવું. |
| ૬ | જીંક સલ્ફેટ | ૧ કિલો | જીંક ૨૧% + સલ્ફર ૧૦% જીંકની ઉણપવાળી જમીન માં દર વર્ષે પાયામાં આપવું. |
| ૭ | ફેરસ સલ્ફેટ | ૩ કિલો | ૧૯% ફેરસની ઉણપવાળી જમીન માં દર વર્ષે પાયામાં આપવું. |
| **નોંધ – ઉપરોક્ત ખાતર મીક્ષ કરીને પાયામાં વાવવું. પૂર્તિ ખાતર વાવણી પછી ૩૦ દિવસે ૧૦ કિલો યૂરીયા પ્રતિ વીઘા આપવું.** | | | |

**(૪) નીંદામણ :**

| અ.નં. | નીંદણનાશક દવાનું નામ | જથ્થો (કિ.ગ્રા./હે.) | આપવાનો સમય |
|---|---|---|---|
| ૧ | પેન્ડીમિથાલીન | ૧ કિગ્રા સક્રિય તત્વ/હેક્ટર | પોસ્ટ ઈમરજન્સ (પૂરતા ભેજ માં વાવણી પહેલા અને જીરું ઊગે તે પહેલા છાંટવી) |

**નોંધ: વાવણી ના ૨૫ દિવસ પછી હાથથી અથવા આંતરખેડ કરીને નીંદામણ દૂર કરવું.વધુ પડતી વાનસ્પતિક વૃદ્ધિ કે વિકાસમાં નબળા દેખાય તેવા વિજાતીય કે શંકાશીલ લાગતા તમામ છોડ ઉપાડી ખેતર માંથી દૂર કરવા.**

**(૫) પિયત :**

**કટોકટીની અવસ્થાઓ :**

| | | |
|---|---|---|
| ૧ | પ્રથમ | ઓરવાણ કરીને વાવ્યાં પછી તરત |
| ૨ | બીજુ | (૮-૧૦ દિવસે) |
| ૩ | ત્રીજુ | (૨૫-૩૦ દિવસે) |
| ૪ | ચોથુ | (૪૫-૫૦ દિવસે) |
| ૫ | પાંચમુ | (૬૫-૭૦ દિવસે) |

**નોંધ- ઉપરોક્ત પિયતની કટોકટીની અવસ્થાઓ પૈકી કોઈ પણ એક અવસ્થાએ પિયત ચૂકી જવાથી ઉત્પાદનમાં સાર્થક ઘટાડો થાય છે. ઘઉની જેમ ટૂંકા ગાળે વધુ પિયત આપવાથી ઉત્પાદન ઓછું આવે છે. ખરાબ હવામાન કે રોગ આવવાના ચિન્હો જણાય તો પિયત મુલતવી રાખવું.**

**(૬) પાક સંરક્ષણ :**

| રોગ/જીવાત નું નામ | નિયંત્રણ ના પગલાં |
|---|---|
| **રોગ / જીવાત** | |
| ૧-સુકારો | વાવણી સમયે બીજને ફૂગનાશક જેમકે કારબેન્ડાજીમ + થાયરમ ( ૩ ગ્રામ+૪ ગ્રામ/કિલો) થી માવજત કરવી જોઇએ. |
| ૨-કાળિયો/ચરમી | ૪૦ દિવસે મેન્કોજેબ ૦.૨૫ ટકા (૩૫ ગ્રામ/૧૦ લિટર) , ક્રીસોક્ષિમ મિથાઈલ (૧૦ મિલી/૧૦ લિટર) ૧૦ દિવસના અંતરે ચાર છંટકાવ કરવા. ૬૦ દિવસે ડાયફેનાકોનાજોલ (૫ મિલી/૧૦ લિટર) નો છંટકાવ કરવો. |
| ૨. ભૂકીછારો | ગંધક ભૂકીનો છંટકાવ ૨૫ કિ.ગ્રા./હે. અથવા દ્રાવ્ય ગંધક ૨૫ ગ્રામ/૧૦ લિટરનો છંટકાવ (છારાના નિયંત્રણ માટે વહેલી સવારે ઝાકળ હોય ત્યારે ગંધક ભૂકી નો જરૂર મુજબ છંટકાવ કરવો |

**(૭) કાપણી અને સંગ્રહ :**

જીરું પાકની કાપણી દેહધાર્મિક પરિપક્વતાએ વહેલી સવારે કરવી જોઇએ. કાપણી કરતી સમયે પાકની સાથે રોગિષ્ટ છોડ કે નીંદામણની કાપણી કરવી નહીં. કાપણી કરેલ છોડને સાફ કરેલ ખળામાં લાવી,સુર્યના તાપમાં ૪ થી ૫ દિવસ સુધી સુકાવ્યા બાદ થ્રેસરનો ઉપયોગ કરી દાણા છૂટ્ટા પાડવા.થ્રેસીંગ સમયે જીરું ની અન્ય જાતનું મિશ્રણ ન થાય તેની ખાસ કાળજી રાખવી. બિયારણના જથ્થાને સાફસુફ કરીને ગ્રેડિંગ કરવું.બીજના જથ્થાને શણના નવા કોથળામાં ભરી જ્યાં જીવાતનો ઉપદ્રવ ન હોય તેવા ગોડાઉનમાં સંગ્રહ કરવો. સંગ્રહ વખતે બીજમાં ૯ ટકાથી વધુ ભેજ ન રહે તેની ખાસ કાળજી રાખવી.